# મેનેજમેન્ટના વિદ્વાનોએ કરી આધ્યાત્મિકતાના વિકાસની વકાલત

## સૂરતમાં 'કાર્યક્ષેત્રમાં આધ્યાત્મિકતા' વિષય પર સેમિનાર યોજાઈ

વડોદરા પછી ગુજરાતના સૂરત શહેરમાં 'સ્પિરિયુઅલિટિ એટ વર્કપ્લેસ' વિષય પર બીજી સેમીનાર યોજાઈ ગઈ. ગાયત્રી પરિવાર યૂથ ગ્રુપ ઑફ સૂરત દ્વારા યોજાયેલ આ સેમીનારના મુખ્ય વક્તા આદરણીય ડૉ.પ્રણવ વગર વ્યક્તિ આખો દિવસ ખૂબ કામ કરે છે, પરંતુ સાંજે જ્યારે તે ઘરે પાછો ફરે છે તો તે પોતાને નિતાંત એકલો અનુભવ કરે છે. આ જ એકલાપણુ બધી બિમારીઓ, તણાવ વગેરેનું કારણ છે. જ્યારે વ્યક્તિ પોતાની ભાવનાઓને હિતોનું ધ્યાન રાખવામાં આવે, સૌ મળીને પોતાની ક્ષમતાઓનું સુનિયોજન અને કામકાજની ગુણવત્તા વધારવાની ભાવના વિકસિત કરવા લાગે-આ જ અધ્યાત્મ છે. આ ભાવનાઓના મેનેજમેન્ટથી કામકાજી જીવનમાં



પંડ્યા-કુલાધિપતિ દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલય તથા કમિશ્નર ઑફ ઈન્ફોરમેશન શ્રી ભાગ્યેશ ઝા, સરદાર સરોવર નર્મદા નિગમના અધ્યક્ષ શ્રી પી.કે.લહરી, પ્રો.સી. પાંડુરંગ ભટ્ટ-ઈંડિયન ઈન્સ્ટીટ્યૂટ ઑફ મેનેજમેન્ટ કોલકાતા, ડૉ.સુભાષ શર્મા-આઈ.બી.એ. બેંગલોર તથા ડૉ.વિવેક વિજયવર્ગીએ સંબોધિત કર્યા.

આદરણીય ડૉ.પ્રણવ પંડ્યાજીએ પોતાના વક્તવ્યના આરંભમાં જ સ્પષ્ટ કરી દીધું કે ધર્મ તો અનેક હોઈ શકે છે, પરંતુ બધા ધર્મોમાં અધ્યાત્મ એક જ છે અને તે છે આંતરિક ઉર્જાનું જાગરણ તથા સદ્દગુણોનો વિકાસ. વિષયના સંદર્ભમાં તેમણે કહ્યું કે અધ્યાત્મ વહેંચી નથી શકતો તો એ જ એની નસ-નાડીઓમાં તણાવ પેદા કરી હાર્ટ એટેક અને બ્રેન હેમરેજ જેવી વિભિન્ન બીમારીઓનું કારણ બને છે.

આધ્યાત્મિક હોવા માટે કોઈ મંદિર-મસ્જિદમાં જવું જરૂરી નથી, જરૂરત છે જીવન દેવતાની સાધના-આરાધનાની. વ્યક્તિગત તથા સંસ્થાગત કાર્યોમાં આત્મીયતાના વિસ્તારની, કૌટુંબિક વાતાવરણના નિર્માણની અને આંતરિક ક્ષમતાઓના જાગરણની જરૂરત છે.. લોકો દાન-પુણ્યને આધ્યાત્મિકતા માનવા લાગ્યા છે અને એનાથી સંતોષ કરી બેઠા છે. ખરેખર ઉદ્યોગ-વ્યાપાર જગતમાં સૌના આવનારા તણાવને ઘટાડી શકાય છે.

આ સેમીનાર તા-૨૩ ફેબ્રુઆરીના દિવસે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કમ્પ્યૂટર વિજ્ઞાન વિભાગના સભાગારમાં યોજાઈ હતી. આરંભમાં અમુક મંચ પર બિરાજેલ મહાનુભાવો-ડૉ.વિવેક વિજય, શ્રી મદનગોપાલ ગુપ્તા, શ્રી અનિલ જૌહરી વગેરેએ આ પ્રકારની સેમીનારોના મહત્વ પર પ્રકાશ ફેંક્યો. ડૉ.અનિલ ઝા, શ્રી આર.સી.તોમર, શ્રી સતીશભાઈ પાદરાવાળા તથા શ્રી જીગર ઠક્કરે મંચાસીન ગણમાન્યોનું સ્વાગત કર્યું. આ અવસર પર શ્રી હેમન્ત દેસાઈ તથા શ્રી રાજુભાઈ દવે પણ મુખ્ય રૂપથી ઉપસ્થિત રહ્યા હતા.

સેમીનારના એક બીજા ગણમાન્ય વક્તા શ્રી પી.કે.લહરીએ કહ્યું કે અગર કામ જ પૂજા છે તો એને બહાર નહીં, અંદર જ શોધવું જોઈએ. તેમણે કહ્યું કે આજના પ્રતિસ્પર્ધાના યુગમાં લગભગ લોકો બીજાને પરાસ્ત કરવાની ભાવનાથી કાર્ય કરે છે અને એ જ પ્રયાસમાં આવેશગ્રસ્ત થઈ જાય છે. આ આવેશ ગ્રસ્તતા પરિવાર, શિક્ષણ, વ્યવસાય વગેરે દરેક ક્ષેત્રમાં જોઈ શકાય છે. તેમણે કહ્યું કે કામમાં એક્સેલેંસ (નિપૂણતા) તો સ્વાગત યોગ્ય છે, પરંતુ જ્યારે આપણે એક્સીડ (વધારે) કરવા લાગીએ છીએ તો તણાવગ્રસ્ત થઈ જઈએ છીએ. આ વધારે કરવાની શું જરૂરત છે?

આ મેનેજમેન્ટ સેમીનારમાં સુરત અને આસપાસના ઔદ્યોગિક સમૂહોના માલિકો, વરિષ્ઠ મેનેજરો તથા મેનેજમેન્ટ વિસ્તારથી જોડાયેલ લગભગ ૩૦૦ વિભૂતિઓએ ભાગ લીધો. આદરણીય ડૉ.પ્રણવ પંડ્યાજી તથા શ્રી ભાગ્યેશ ઝાએ સેમીનારનો સાર રજુ કર્યો. સેમીનારનું સંચાલન તથા ધન્યવાદ જ્ઞાપન શ્રી અંકુર મહેતા તથા કુંદન દ્વારા કરવામાં આવ્યું.

## દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની સેમીનાર

'સ્પિરિયુઅલિટિ એટ વર્કપ્લેસ' પર સેમીનાર પહેલાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય દ્વારા પોતાના કુલપતિ ડૉ.રમેશચંદ્ર જી.કોઠારીની અધ્યક્ષતામાં સેમીનાર યોજવામાં આવી, વિષય હતો-'હ્યુમન વૅલ્યૂજ એન્ડ એકેડમિક ફીલ્ડ'. આદરણીય ડૉ.પ્રણવ પંડ્યાજી એના મુખ્ય વક્તા હતા. એમાં વિશ્વવિદ્યાલયના વિભાગાધ્યક્ષો, આચાર્ય, સીનેટ-સિન્ડિકેટના સભ્યોએ ભાગ લીધો.

આદરણીય ડૉ.પ્રણવ પંડ્યાજીએ કહ્યું કે જે શિક્ષણ સંસ્થાઓનો લક્ષ્ય રાષ્ટ્ર-નિર્માણ છે, તેઓ જ પોતાના વિદ્યાર્થીઓને અનુશાસિત, સદ્દગુણ સંપન્ન બનાવી શકે છે. તેમણે શિક્ષણ જગતના વિદ્વાનોને આપેલ પોતાના સંદેશમાં દેશના કેટલાય આદર્શ શિક્ષણ સંસ્થાઓની યાદ અપાવી, જ્યાંના વિદ્યાર્થીઓમાં સ્વતંત્રતા સંગ્રામની ભાવના કુટી-કુટીને ભરી હતી અને જેણે પોતાના દેશને આદર્શ નાયક પ્રદાન કર્યા. આજે દેશમાં લગભગ ૩૦૦ વિશ્વવિદ્યાલય છે. ધનની પાછળ ભાગવાવાળા મેનેજમેન્ટો, ડૉક્ટર-એંજીનિયરોની પેઢીઓ તૈયાર થઈ રહી છે, પરંતુ આવા સંસ્થાઓનો નિતાંત અભાવ છે, જે વિદ્યાર્થીઓને ત્યાગ-તિતિક્ષાના માર્ગ પર ચલાવતા આદર્શોના બીબામાં ઢાળવાનો પ્રયાસ કરે. આદરણીય ડૉ.સાહેબે ઉપસ્થિત લોકોને શાંતિકુંજ-દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલય આવવા અને એ દિશામાં એમના દ્વારા કરવામાં આવી રહેલ પ્રયાસોને જોવા આમંત્રણ પણ આપ્યું.

### કાર્યકર્તાઓની બેઠક

તા-૨૩ ફેબ્રુઆરીના દિવસે સૂરત પહોંચ્યા પછી આદરણીય ડૉ.સાહેબની ટોળી સૌથી પહેલાં ગાયત્રી શક્તિપીઠ બાલાજી પહોંચી. ત્યાં તેમણે ઉપસ્થિત આસપાસના હજારો કાર્યકર્તાઓ સાથે ચર્ચા કરી. માત્ર ૩૦ મિનીટની નાની બેઠકમાં તેમણે સૂરતવાસીઓને કહ્યું કે આ જીલ્લામાં ૩૦ શક્તિપીઠો છે. આ જીલ્લો એકલો જ એવી ક્રાંતિ ઉભી કરી શકે છે જે ગુજરાત જ નહીં, આખા દેશને હલાવી શકે છે. આ અવસર પર તેમણે સ્વજનો પર સ્નેહ-સિંચનની સાથે આગામી જન્મશતાબ્દી વર્ષ સુધીના ત્રણ વર્ષોની સક્રિયતા પર સારગર્ભિત દિશા-નિર્દેશ આપ્યો.



કાર્યકર્તાઓને સંબોધિત કરી રહેલ આદરણીય ડૉ.પ્રણવ પંડ્યાજી

## પ્રજાસત્તાક દિવસ તથા વસંત પર્વની આકર્ષક રજુઆત

### લોંગ આઈલેન્ડ-ન્યુયૉર્ક (અમેરિકા)

લોંગ આઈલેન્ડમાં પ્રજ્ઞાબેન પટેલ દ્વારા ચલાવવામાં આવી રહેલ બાળ સંસ્કાર શાળા (ગાયત્રી જ્ઞાન કેન્દ્ર લોંગ આઈલેન્ડ)ના બાળકોએ તા-૨૭ જાન્યુઆરીના દિવસે દેશભક્તિથી ઓતપ્રોત પ્રજાસતાક દિવસ તથા વસંત પંચમી સમારોહ મનાવ્યો. કાર્યક્રમમાં બાળ સંસ્કાર શાળાના બાળકોએ પોતાના દેશના ૧૦ મહાપુરુષોને અલગ અન્દાજમાં સન્માન કર્યું. બાળકો આ મહાપુરુષોની વેશભુષામાં એક પછી એક આગળ વધ્યા. એ સમયે આયોજકોએ એ મહાપુરુષના વિષયમાં વિસ્તૃત જાણકારી આપી. બાળકોએ ગાંધીજી, કસ્તૂરબા, ભગતસિંહ, નહેરૂ, સુભાષ, પરમ પૂજ્ય ગુરુદેવ પં.શ્રીરામ શર્મા આચાર્યજીની વેશભૂષા ધારણ




વિચારક્રાંતિની લાલ મશાલ અને ત્રિરંગાના રૂપમાં ઉભા રહેલ ગાયત્રી જ્ઞાન કેન્દ્ર લોંગ આઈલેન્ડના બાળકો

ઉપસ્થિત ૩૦૦ લોકોએ પોતાની સાંસ્કૃતિક થાપણ -ને સજાવી રહેલ નાના-નાના ભુલકાઓની રજુઆત પર ગૌરવ અનુભવ કર્યો. અહીં એ ઉલ્લેખનીય છે કે આ બાળ સંસ્કાર શાળા ગાંધી જયંતી, દશેરા, દીવાળી જેવા પર્વ પોતાની સાંસ્કૃતિક પરંપરાઓની અનુરૂપ જ ઉજવતા હતા.

પ્રજાસત્તાક દિવસ સમારોહનું દૃશ્ય ખૂબ જ ગૌરવપૂર્ણ તથા ઉત્સાહવર્ધક હતું. કાર્યક્રમનો આરંભ પ્રજ્ઞાબેનના સ્વાગત ઉદ્બોધનથી થયો. ત્યારબાદ બાળ સંસ્કાર શાળાના બાળકોએ પ્રાર્થના કરી. નાના બાળકો પોતાના હાથોમાં નાના રાષ્ટ્રધ્વજ માટે સ્વયંસેવકોની સાથે ધ્વજ સ્તંભની તરફ વધ્યા. સૌથી નાના અક્ષય મલ્હોત્રાએ ધ્વજારોહણ કર્યું, પછી રાષ્ટ્રગાન થયું. આ અવસર પર શ્રી મહેન્દ્ર પટેલે પ્રથમ પ્રજાસત્તાક દિવસની સ્મૃતિઓને તાજા કરતાં સમારોહને જીવંત કરી દીધો. કરી હતી. ત્યારબાદ બાળ સમૂહે કેશરિયા, સફેદ અને લીલી ટીશર્ટ પહેરીને પરેડ કરી અને તાળીઓની ગળગળાટની વચ્ચે રાષ્ટ્ર ધ્વજની આકૃતિ બનાવી તથા ''વિજયી વિશ્વ તિરંગા પ્યારા....'' ગીતા ગાયા.

પ્રજાસત્તાક દિવસ સમારોહ પછી વસંત પંચમી સમારોહ મનાવવામાં આવ્યો. અખિલ વિશ્વ ગાયત્રી પરિવારની લોંગ આઈલેન્ડ શાખાના પ્રમુખ શ્રી પ્રવિણ કાપડિયાએ પરમ પૂજ્ય ગુરુદેવના આધ્યાત્મિક જન્મદિવસના રૂપમાં પર્વનો પરિચય આપ્યો. ત્યારબાદ બાળકો યુગનિર્માણ-ની લાલ મશાલની આકૃતિમાં ઉભા થયા. જનસભાને લાલ મશાલનો પરિચય એકતા, શક્તિ તથા સકારાત્મક ચિંતનની પ્રતીકના રૂપમાં આપવામાં આવ્યો. ગાયત્રી પરિવાર દ્વારા સંચાલિત આ નયનરમ્ય સમારોહને બે મોટા ટી.વી. ચૈનલ આઈટીવી તથા આસ્થાએ દેખાડ્યા અને ટીવી એશિયાએ સમાચાર આપ્યા.

**જેવો આજનો બાળ સમુદાય હશે, એવું જ દેશનું ભવિષ્ય બનશે**